-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

નવસારી ડિસ્ટ્રીકટ, નવસારી સબ-ડિસ્ટ્રીકટ, તાલુકો નવસારીના મોજે ગામ અરસાણનામાં આવેલ બ્લોક/સર્વે નં. ૨૩૭, જેનું ક્ષેત્રફળ સુમારે ૦-૨૬-૪૦ કે જેનો ખાતા નં. ૫૨૦ તથા આકાર રૂ. ૬.૧૫ ચાલી આવેલ છે તે ખેતીની જમીના માલિક ગણપતસિંહ દલપતસિંહ ઠાકોર ચાલી આવેલ છે. તેઓએ તેમની જુની શરતની ખેતીની જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. આથી જે કોઈ વ્યકિત, કંપની કે સંસ્થાનો હકક, હિત, હિસ્સો કે લાગભાગ હોય તો **દિન- ૧૦ (દસ)**માં રજી. પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે જાણ કરવી. મુદ્દત વિત્યા બાદ જો કોઈ વ્યકિત, કંપની કે સંસ્થાનો લાગભાગ કે હકક, હિત, હિસ્સો હોય તો તે જતો કરેલ છે તેમ માની અમારા અસીલ પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૦૬/૧૦/૨૦૨૬

જયેશ જી. રોહિત તે ખરીદનારના એડવોકેટ
ઓફિસ : ૧૦૫, શ્રી દર્શન કોમ્પલેક્ષ, એલ.ડી. સ્કુલ સામે,
સ્ટેશન રોડ, સચીન, તા. ચોર્યાસી, જી. સુરત. (મો.) : ૯૫૭૪૧ ૬૬૯૯૫

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ - ૧૯૬૧ ની કલમ - ૪ મુજબ મંડળીની નોંધણી કરતાં પૂર્વેની

-:: જાહેર નોટીસ ::-

આથી આ નોટીસથી કાર્યવિસ્તારમાં આવેલ ક્રેડીટ સહકારી મંડળીઓ તથા લાગતા વળગતાઓને જણાવવામાં આવે છે કે, અત્રેની કચેરીમાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ - ૧૯૬૧ ની કલમ-૯ હેઠળ સુચિત શ્યામ સરકાર કો ઓપરેટીવ ક્રેડીટ એન્ડ કન્ઝ્યુમર્સ સોસાયટી લિમિટેડ, ઠે. ૨૧૯, જય સંતોષી નગર સોસાયટી, મારુતિ ચોક, લંબે હનુમાન રોડ, સુરતની નોંધણીની દરખાસ્ત અત્રેની કચેરીમાં તા.૦૩/૧૦/૨૦૨૬ ના રોજ મળેલ છે. સદર સુચિત સોસાયટીની કાર્યક્ષેત્રમાં સુરત શહેર પુરતુ વિસ્તારનો સમાવિષ્ટ કરેલ છે. જેથી આ મંડળીની નોંધણી અંગે આ વિસ્તારમાં આવેલ આવા પ્રકારની મંડળીઓ અગર લાગતા વળગતા પૈકી જેમને પણ વાંધો હોય તેઓએ આ નોટીસ મળ્યેથી દિન-૦૭ માં લેખિત કારણો સહિત નીચે સહી કરનારને રજુઆત કરવા જણાવવામાં આવે છે. સમય મર્યાદામાં સુચિત મંડળીની નોંધણી બાબતે કોઈ રજુઆત કરવામાં નહી આવે તો સુચિત મંડળીની નોંધણી સામે કોઈ રજુઆત નથી. તેમ માની કેસના ગુણદોષના આધારે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે. જેની સર્વે એ નોંધ લેવી.

આજ રોજ તા.૦૫/૧૦/૨૦૨૬ ના રોજ નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કર્યું.

કચેરીનું સરનામું:-
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, સુરતની કચેરી,
"એ" બ્લોક, જિલ્લા સેવા સદન - ૨, અઠવા લાઇન્સ,
સુરત - ૩૯૫૦૦૧ ફોન નં. ૦૨૬૧-૨૬૬૫૦૫૧

e-Sign
(એચ. ડી. કાછડ)
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, સુરત

-: વેચાણ અંગેની જાહેર નોટીસ :-

સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકો ઓલપાડ, **મોજે ગામ : માસમા** ના સર્વે નંબર **: ૨૩૪/૨, ૨૩૪/૪, બ્લોક નંબર : ૩૮૨,** જેનું રેવન્યુ રેકર્ડ મુજબ ક્ષેત્રફળ હે. આરે. ૧-૭૫-૦૩ ચો.મી. થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન ના માલિક/કબજેદાર, મુખત્યાર **(૧) રમણબેન તે ડાહ્યા ગોરધનની છોકરી, (૨) ધનુબેન તે ડાહ્યા ગોરધનની છોકરી, (૩) જશવંતીબેન તે ડાહ્યા ગોરધનની છોકરીએ** મજકુર જમીન પ્રત્યક્ષ માલિકી કબજા, વહીવટ વ્યવસ્થા હેઠળની હોવાનું તેમજ નકરજી, નબોજી ચોખ્ખા ક્લીયર અને માર્કેટેબલ ટાઇટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી અમારા અસીલોને વેચાણ આપવા નકકી કરેલ છે, જેથી સદરહું જમીન ઉપર અન્ય કોઈ ભાગીદારો, વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈના લાગભાગ, હકક/હિસ્સા, દર/દાવા, જપ્તી, અવલ/જપ્તી, લેણું-બોજા, સોદા, સાટાખત, પાવર ઓફ એટર્ની, દસ્તાવેજ વગેરે હોય, તો તેમણે કાયદેસરના લેખીત પુરાવા સહીત દીન-૭, માં તે અંગેની સંપુર્ણ ખાત્રી રૂબરૂ મળી અમોને કરાવવી, મુદત વિત્યા બાદ કોઈના કોઈપણ પ્રકારના સદરહું જમીનમાં હિત, સબંધ, હક, હિસ્સા કે લાગભાગ, દર/દાવા વિગેરે નથી, અને હોય તો તે જતા કર્યા છે એમ માની લઈ મારા અસીલ મજકુર માલિકો સાથે વેચાણ અંગેના વ્યવહારો પુર્ણ કરી, જરૂરી કાયદેસરના દસ્તાવેજો/લખાણો કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર તકરાર, વાંધો, વિરોધ ચાલશે નહીં. તેની લાગતા વળગતા સૌએ નોંધ લેવી.

સ્થળ : સુરત, તા. ૦૬.૧૦.૨૦૨૬
એ/૧૦૮-૧૦૯, પહેલા માળે,
આદિત્ય કોમ્પલેક્ષ, કાપોદ્રા-ઉત્રાણ બ્રીજ પાસે,
ઉત્રાણ, સુરત. મો. ૯૯૦૯૧ ૮૪૨૩૦

મુકેશ એન. કપુરીયા
તે ખરીદનારના એડવોકેટ
અમારા અસીલની સુચના અને ફરમાઈશથી

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ થકી જણાવવાનુ કે સુરત ડીસ્ટ્રીકટ ચોરાસી સબ ડીસ્ટ્રીકટ ના મોજે ટીમ્બરવા નો રે.સ.નં. ૪૮, બ્લોક નં. ૫૪, જેનો ખાતા નં. ૧૧૨ વાળી ખેતીની બીનખેતી પ્રિમયમ પાત્રની જમીન જે સુમારે ૦-૪૭-૫૫ હે.આરે.ચો.મી. ક્ષેત્રફળ વાળી જમીન જેનો આકાર રૂ. ૭.૧૨ પૈસા પૈકી વણ વહેંચાયેલ હિસ્સાની સુમારે ૦-૧૨-૦૦ હે.આરે.ચો.મી. ક્ષેત્રફળ વાળી જમીન વાળી ખેતીની જમીનના માલીક ડાહ્યાભાઈ છોટુભાઇ ના માલીકી કબજા ભોગવતા ની ચાલી આવેલ હોવાનું જણાવી હમારા અસીલ ને વેચાણ આપવા નક્કી કરેલ છે અને ટુંક સમયમા હમારા અસીલ વેચાણ દસ્તાવેજ કરનાર છે. જે સંજોગોમાં આ નોટીસ થકી જણાવવાનુ કે ઉપર જણાવેલ જમીન બાબતે કોઈનો કોઈપણ જાતનો હકક હિત હિસ્સો લાગભાગ દરદાવો મોરગેજ ટાંચ વિગેરે હોય તો તેઓ એ દિન-૦૭ માં દસ્તાવેજી પુરાવાઓ સહિત હમો ને ખુલાસો કરવો. ત્યાર બાદ સદરહુ જમીનમા કોઈનો કોઈપણ પ્રકારના હક્કો રહેલ નથી તથા તેવા તમામ હક્કો જતા કરેલ માની હમારા અસીલ મુદત વિત્ય વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી લેશે પાછળ થી કોઈની કોઈપણ જાતની તર તકરાર દરદાવા ચાલશે નહી જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

જતીન કે. પટેલ
એડવોકેટ એન્ડ નોટરી
મો. ૯૮૭૯૮-૮૯૮૦૦

દિપેશ એન. પટેલ
એડવોકેટ
મો. ૯૭૨૭૩-૮૯૭૬૬

ઓફીસ યુ/૭, દિવ્યકાંતિ એપાર્ટમેન્ટ, પાર્લે પોંઇટ, અઠવાલાઈન્સ, સૂરત

મોજે-અડાજણ, રે.સ.નં. ૫૪૨ હિસ્સા નં. ૨, ટી.પી.સ્કીમ નં. ૧૦, એફ.પી.નં. ૧૧૨ તથા ૧૧૩ પૈકી, પટેલ નગર સોસાયટી-૨, પ્લોટ નં. ૨૯ નાં ટાઇટલનાં દસ્તાવેજોની રજીસ્ટ્રેશન રીસીપ્ટ (R.R) ગુમ થયા અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, જીલ્લો: સુરત, તા.અડાજણ, મોજે-અડાજણનાં રે.સ.નં. ૫૪૨ હિસ્સા નં. ૨, ટી.પી.સ્કીમ નં. ૧૦(અડાજણ), ફા. પ્લોટ નં. ૧૧૨ તથા ૧૧૩ પૈકીથી નોંધાયેલ બિનખેતીની જમીન ઉપર રહેણાંકનાં હેતુ માટે આયોજીત **પટેલ નગર સોસાયટી-૨** માં પાડવામાં આવેલ પ્લોટો પૈકી **પ્લોટ નં. ૨૯** વાળી મિલકત કે જેનું ક્ષેત્રફળ સુમારે ૭૦ ચો.વાર યાને **૫૮.૪૦ ચો.મી.** થાય છે તે મિલકત તથા તેની ઉપર બાંધવામાં આવેલ ગ્રાઉન્ડ ફ્લોર તથા પહેલા માળનાં બાંધકામ સહિતની આખી મિલકત તેનાં માલિકો, **(૧)પ્રવિણચંદ્ર જેન્તીલાલ મેવાવાલા** તથા **(૨)દિપીકાબેન પ્રવિણચંદ્ર મેવાવાલા**નાંઓએ પોતાની માલિકી અને કબજા ભોગવટા હેઠળની તથા બોજા રહિતની, ચોખ્ખા અને માર્કેટેબલ ટાઇટલવાળી હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે, વધુમાં મજકુર માલીક જણાવે છે કે, સદર **પ્લોટ નં.૨૯** નાં ટાઇટલનાં દસ્તાવેજો પૈકી **રજી. વેચાણ દસ્તાવેજ નં.૩૭૧૧, તા.૧૪/૦૭/૧૯૭૨** ની અસલ **રજીસ્ટ્રેશન રીસીપ્ટ(આર.આર.) તથા રજી. ડુપ્લીકેટ અદલાબદલીનો દસ્તાવેજ નં.૨૮૨૨, તા.૨૪/૧૦/૧૯૭૭ ની અસલ રજીસ્ટ્રેશન રીસીપ્ટ(આર.આર.) ગેરવલ્લે યાને ગુમ થઇ ગયેલ છે.** જેથી સદરહુ મિલકત ઉપર કોઇપણ સંસ્થા અથવા વ્યકિતની કોઇ લોન કે બોજો ચાલતો હોય કે કોઇનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હકક-હિત-હિસ્સો ચાલી આવતો હોય તો તેમણે દિન-૭ માં જરૂરી દસ્તાવેજી પુરાવાઓ સહિત મારો સંપર્ક કરવો, અન્યથા મુદત વિત્યે સદરહુ મિલકતમાં કોઇનો કોઇપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ કે અધિકાર નથી અને હોય તો તે જતો યાને વેવ કર્યો છે તેમ માની મારા અસીલ મજકુર માલિકો પાસેથી સદર મિલકતનો રજીસ્ટર્ડ પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ, ભવિષ્યમાં કોઇની કોઇપણ તકરાર કે દાવો ચાલશે નહી. જેની આથી સર્વેએ નોંધ લેવી. **તા. ૦૬/૧૦/૨૦૨૬**

નિશા ડી. શેલડીયા તે ખરીદનારનાં એડવોકેટ
ઓફિસ: ૨૦૪, સુંદરમ સ્કવેર, દરજી સ્ટ્રીટ, હિલ્સ નર્સરી સ્કુલની સામે, નાણપુરા, સુરત. મો. નં. : ૮૪૯૦૮ ૫૬૨૭૮

મોજે-કાછબ, તા. ઓલપાડ, જી. સુરતનાં બ્લોક નં.૫૩ વાળી જમીનનાં વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને નોટીસથી જણાવવાનું કે સુરત ડી. ઓલપાડ સબ ડી. મોજે- કાછબ નાં **બ્લોક નં.૫૩** ખાતા નં. ૭૭૭ નાં ૧-હેકટર, ૦૨-આરે, ૧૮-મીટર યાને ૧૦૨૧૮ ચો.મી. નાં આકાર રૂા.૧૩.૫૦ પૈસાવાળી જુની શરતની ખેતીની પિયત જમીનનાં માલીકો **જીતેન્દ્રભાઈ શામજીભાઈ ગાબાણી, પંકજકુમાર શામળભાઈ પટેલ** તથા **સંજયસિંહ પ્રતાપસિંહ યાદવ** ની સંયુકત માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટા હેઠળની ચાલી આવેલ છે. સદર જમીનના માલીકોએ હમારા અસીલને મજકુર જમીનનાં વેચાણ અંગેનાં તમામ ટાઈટલો કલીયર કરી આપી વેચાણ આપવાનું નકકી કરેલ છે. સદર જમીન અંગે જો કોઈ વ્યકિતનો, બેંકનો કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો કે માલીકી હકક, હિત, હિસ્સો, લાગભાગ કે દરદાવો કે બોજો કે અન્ય ઈઝમેન્ટનાં હકકો કે ગણોત ના હકકો કે રસ્તાનાં હકકો અંગે વાંધો હોય તો લેખિત પુરાવા સહિત દિન-૧૦ માં હમો એડવોકેટને જાણ કરવી. સમય મર્યાદામાં જો કોઈ વ્યકિત, સંસ્થા કે બેંક જાણ ન કરશે તો તેમનો સદર જમીનમાંથી હકક, હિત, હિસ્સો, લાગભાગ કે દરદાવો નથી અગર હોય તો જતા કર્યા છે તેમ માની મારા અસીલ જમીનનાં માલીક ને વેચાણ અંગેનાં તમામ વ્યવહારો પુર્ણ કરી સમય મર્યાદામાં વેચાણ અવેજની રકમ ચુકવી રજી.વેચાણ દસ્તાવેજ તેમની તરફેણમાં કરાવી લેશે. ત્યારબાદ કોઈપણ વ્યકિતની કોઈપણ જાતની તર-તકરાર કે વાંધા ચાલશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અસીલની સુચનાથી

ઓફીસ :-
૧૦૧,૧૦૨, શ્રી રામ કોમ્પલેક્ષ,
સીંગણપોર ચાર રસ્તા, વેડરોડ,
સુરત. (મો.નં.૯૮૨૪૧-૨૧૪૫૩)

શાંતિલાલ ડી. પટેલ
પ્રમેશ કે. પટેલ
યતીન એસ. પટેલ
તે ખરીદનારના એડવોકેટ્સ

बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda

અઠવાલાઈન્સ શાખા : જવાહરલાલ નેહરુ માર્ગ, અઠવાગેટ પાસે, સુરત
ફોન : ૦૨૬૧-૨૬૬૦૧૩૮, ૨૬૬૭૩૫૧, ૨૬૬૯૫૬૫, ૨૬૫૫૨૦૭,
E-Mail : athwal@bankofbaroda.co.in

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) [સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮(૧)હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા,** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ સત્તા હેઠળ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૫.૦૭.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર **શ્રી દર્શિલ રમેશ મકવાણા (દેવાદાર), અને શ્રીમતી મિતા રમેશ મકવાણા (સહદેવાદાર અને ગીરવેદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૨૪,૬૪,૩૬૭.૧૬/– (અંકે રૂા.ચોવીસ લાખ ચોસઠ હજાર ત્રણસો સડસઠ અને સોળ પૈસા પુરા) વત્તા વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ એકટની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ(એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે તેમને મળેલ સત્તા હેઠળ વંચાણે લઈ **તારીખ ૦૧મી ઓકટોબર ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૨૪,૬૪,૩૬૭.૧૬** વત્તા તેના પરનું વ્યાજ અને અન્ય ચાર્જીસ સહિતને આધિન રહેશે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે **'વેલકી ઘર'** નો પ્લોટ નં. ૪૭, માપ ૮૭.૨૮ રોડ અને સીઓપી ના વણવહેચાયેલ હિસ્સા સહિત જમીન રે.સ.નં.૧૭૯/એ માપ ૧૩૦૧૫ ચો.મી, સીટી સર્વે નં.એનએ/૧૭૯/એ, શીટ નં.એનએ૯૯ વોર્ડ/ ગામ: ઓરમા (બિન–ખેતી), તા: ઓલપાડ, જી. સુરત, ખાતે આવેલ છે. (વેચાણ ડિડ મુજબ) ચર્તુસિમા: **પુર્વે:** સોસાયટી નો આંતરીક રોડ, **પશ્ચિમે:** જોડેની મિલકત નો બ્લોક નં.૧૫૦, **ઉત્તરે:** જોડેની મિલકતનો પ્લોટ નં.૪૮, **દક્ષિણે:** જોડેની મિલકત નો પ્લોટ નં.૪૬.

તા.૦૧.૧૦.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, અઠવાલાઈન્સ શાખા

ડાયાબિટીસની બીમારીથી કંટાળીને વૃદ્ધે એસિડ પીધું

સુરત: મૂળ અમરેલી સાવરકુંડલાના વતની 67 વર્ષીય મનજીભાઈ શ્યામજીભાઈ સરવૈયા હાલમાં સિંગણપોર વિસ્તારમાં આવેલી સહજાનંદ સોસાયટીમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહી નિવૃત જીવન જીવતા હતા. મનજીભાઈને છેલ્લા 18 વર્ષથી ડાયાબિટીસ સહિતની બીમારી હતી.

વેચાણ અંગેની જાહેર નોટીસ વિરૂદ્ધ જાહેર ચેતવણી

ડિ. સુરત, તા. ઓલપાડ, મોજે અસનાડ, સર્વે નં. ૩૭/૨, ૩૭/૩ પૈકી બ્લોક/સર્વે નં. ૫૨ વાળી ખેતીની જમીન સંબંધમાં તા. ૦૧/૧૦/૨૦૨૬ના રોજ ગુજરાતમિત્ર દૈનિકમાં ચિરાગ એમ. પટેલ (એડવોકેટ) તથા જીગ્નેશ ટી. પટેલ (એડવોકેટ) શ્રી તરફે વેચાણ અંગેની જાહેર નોટીસ આપવામાં આવેલી છે. તે સંબંધમાં આ જાહેર ચેતવણી થકી જણાવવાનું કે, અમારા અસીલોના વડીલ લાલજીભાઈ દેવજીભાઈનાઓએ સદરહુ જમીન સંબંધમાં **રૂક્ષ્મણીબેન ખુશાલભાઈ વિગેરેનાઓ વિરૂદ્ધ સ્પે. દિ.મુ. નં. ૫૨૪/૨૦૦૧** અન્વયેનો સિવિલ કોર્ટ, સુરત મુકામે નોંધાવેલો અને તેઓના ગુજરી જવા બાદ વારસો તરફે દાવો ચાલુ રાખેલો છે. મજકુર દાવો હાલમાં **મહે. ઓલપાડના એડી. સીની. સી. જ. સાહેબની કોર્ટમાં રે.દિ.મુ.નં. ૮૩/૨૦૧૫** અન્વયે સુનાવણી માટે પેન્ડીંગ છે. જેથી ઉપરોકત જમીન સંબંધમાં કોઈપણ ઈસમોએ કોઈપણ પ્રકારના વ્યવહારો હસ્તે પરહસ્તે કરવા કરાવવા નહીં. જેની નોંધ લેશોજી. તા. ૦૬/૧૦/૨૦૨૬

મનીષ આર. દુધવાલા એડવોકેટ
ઓફિસ : ૨/૪૧૯૫, કાળા મહેતાની શેરી, સગરામપુરા, સુરત. (મો.) : ૯૩૧૩૫ ૨૪૯૭૪

રજીસ્ટ્રેશન પહોંચ ગેરવલ્લે થયેલ હોવા તથા ટાઇટલ અંગેની જાહેર નોટીસ

મોજેસરસાણા, તા. મજુરાના બ્લોક નં. ૧૫૩ વાળી સુમારે ૨૯૩૪૦ ચો.મી. તથા બ્લોક નં. ૧૫૪ વાળી સુમારે ૨૯૯૨૮ ચો.મી.થી નોંધાયેલી બીનખેતીની જમીનમાં જય લક્ષ્મી બંગ્લોઝ ના નામે પાડવામાં આવેલા પ્લોટો પૈકી નીચે જણાવેલા પ્લોટો, તેના માલીકોએ પોત-પોતાના સ્વતંત્ર અને સંપુર્ણ માલીકી, કબજા ભોગવટાની હોવાનું જણાવી, મારા અસીલ પાસેથી પુરેપુરો વેચાણ અવેજ સ્વીકારી, વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. નીચે જણાવેલા માલીકોએ પોત-પોતે કરાવી લીધેલા વેચાણ દસ્તાવેજોની અસલ રજી. પાવતી ગુમ/ગેરવલ્લે થયેલ હોવાનું જણાવેલ છે. સબબ, આ આકાશી ખુલ્લા પ્લોટોવાળી જમીન/મીલકતમાં અથવા ગુમ/ ગેરવલ્લે થયેલ અસલ રજી. પાવતીઓ જે કોઈના કબજામાં, કોઈપણ કારણોસર હોય, તેમજ નીચે જણાવેલા આકાશી ખુલ્લા પ્લોટોવાળી જમીન/મીલકતો અંગે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો યા ઈઝમેન્ટ, લીયન, ચાર્જ, બોજો વિગેરેના હકકો હોય તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ ની મુદતમાં, પોતાના હકક, દર-દાવા સંબંધી લેખિત પુરાવા સહિત નીચે જણાવેલ સરનામે જાણ કરવી. નહીંતર મુદત વિત્યે કોઈના હકકો નથી એમ માની અથવા તો તેવા તમામ હકકો તેઓએ જતા (વેવ) કર્યા હોવાનું શુધ્ધબુધ્ધિપુર્વક માની લેશે. ત્યારબાદ કોઈપણ તકરારને અવકાશ રહેશે નહીં. જેની આથી નોંધ લેશો.

ક્રમ	પ્લોટ નં	કે.જે.પી. બ્લોક નં.	દસ્તાવેજ નંબર/તારીખ	માલીકનું નામ/સરનામું	ચો.મી.
૧	૪૩	૧૫૪/બ/૪૩	જુનો નં.૧૧૬૬૩ તા.૧૩/૯/૨૦૦૬ નવો નં. ૬૦૬૦ તા. ૩/૫/૨૦૦૭	પિયુષ જીવરાજભાઈ શાહ, ઠે. રસિક નિવાસ, ફલેટ નં.૮, એફ.રોડ, મરીન ડ્રાઈવ મરીન લાઈન્સ, મુંબઈ-૨૦	૧૧૦
૨	૪૪	૧૫૪/બ/૪૪	જુનો નં.૧૧૬૫૭ તા.૧૩/૯/૨૦૦૬ નવો નં.૫૫૦૪ તા.૨૪/૪/૨૦૦૭	ઓમપ્રકાશ ચંદ્રકાંત શાહ, ઠે. ફલેટ નં. ૪૩, બીજા માળે, તેજકિરણ બિલ્ડીંગ, ૬ દાદી શેઠ લેન નં.૨, બાબુલનાથ ટેમ્પલ પાસે, ચોપાટી, ગ્રાંટ રોડ, મુંબઈ-૦૭	૧૧૦
૩	૪૫	૧૫૪/બ/૪૫	નં.૧૫૦૩૮ તા.૧૩/૭/૨૦૧૭	(૧) ઓમપ્રકાશ ચંદ્રકાંત શાહ તથા (૨) રમીલાબેન ચંદ્રકાંત શાહ, ઠેકાણું : -મજકુરના-	૧૧૦

મારી મારફત :

૧૬, નિકુંજ સોસાયટી, કદમપલ્લી સામે, ટીમલીયાવાડ,
નાનપુરા, સુરત. મો.નં. ૯૮૨૫૫૬૬૧૫૦

આશિષ એ. શાહ
તે ખરીદનારના એડવોકેટ

PUBLIC NOTICE FOR SALE

That, (1) Rameshchandra Durlabhbhai Patel, (2) Ujjval Rameshchandra Patel both Resi. of : 30, Anand Vatika Society, Near Sardar Bridge, Adajan Road, Surat and (3) Shital D/o Rameshchandra Durlabhbhai Patel, Resi. of : A/404, Maniratan Apartment, Gujarat Gas Road, Adajan, Surat and Developer "Shubh Enterprise", a partnership firm through its authorized and administrative partner - Jainil Hareshbhai Malani have agreed to sell to my client below mentioned properties for a sale consideration stating that the construction of below mentioned property is as per approved plan and occupancy certificate (B.U.C.) has been obtained from Surat Municipal Corporation and the titles of the below mentioned properties / land and super structure constructed thereon are clear, marketable, free from all kind of encumbrance and the actual physical possession thereof are with the above mentioned sellers. My clients is about to get the sale deeds executed from the above-mentioned owners / developers by paying the sale consideration. If any person, bank, body corporate has any kind of right, title, interest, claim, encumbrance or possession in respect of the said properties, than, claim to that effect be lodged with documentary evidence to the undersigned within 7 days from the date of publication of this notice. In case of default to lodge claim with necessary documentary evidence within time, my client will pay the sale consideration and get the sale deeds executed in its favour on expiration of notice period, presuming that there is no claim of whatsoever nature and if there be any, the same is waived in respect of the below mentioned properties together with the super structures constructed thereon.

DESCRIPTION OF THE PROPERTY SITUATED IN "B" BUILDING FOR COMMERCIAL PURPOSE KNOWN AS "PARAMOUNT"

House (Shop) No.	Floor	Area as per RERA Sq. ft.	Area as per RERA Sq. mtr.	Built-Up Area Sq. ft.	Built-Up Area Sq. mtr.	Proportionate Undivided Right in the land Sq. Mtr.
1	Ground	1123.98	104.42	1183.72	109.97	32.15
2	Ground	1094.27	101.66	1158.10	107.59	31.45
3	Ground	1094.27	101.66	1158.10	107.59	31.45
101	First	1088.78	101.15	1183.72	109.97	32.15
102	First	1088.78	101.15	1158.10	107.59	31.45
103	First	1088.78	101.15	1158.10	107.59	31.45
201	Second	1094.38	101.67	1187.05	110.28	32.24
202	Second	954.12	88.64	1005.14	93.38	27.30
203	Second	954.12	88.64	1005.14	93.38	27.30

The above mentioned commercial premises which are constructed as per approved plan is and forming part of Revenue Survey No.83/3, 86/1 and 86/2 (which, upon being included in T.P. Scheme No.32 (Adajan), have been allotted Final Plot No.41, area 3152 Sq. Mtr., Final Plot No.43, area 3545 Sq. Mtr., and Final Plot No.42, area 3974 Sq. Mtr.). of District Surat, Taluka Adajan, Moje Village: Adajan. All these survey numbers which were amalgamated into Revenue Survey No.83/3, total area 14974.00 Sq. Mtr., which upon division, the land of Revenue Survey No.83/3/2 was allotted 7045.00 Sq. Mtr., out of the total land area 10671 Sqr.Mtr.,of all these three Final Plot No.41, 42, and 43, as per the approved plan, Sub-Plot No.B, area 5064 Sq. Mtr., of non agricultural land in the project planned under the name **"SHREEPAD"** approved and is known as building "B" is for commercial purpose, which is known as **"PARAMOUNT"**.

Add : Office No.19 to 21 Mazanine Floor,
Swagat Complex, Kadampalli Society,
Nanpura, Surat – 395 001. (M) 9712399499

HARSHAD RAMANLAL MODI
Advocate for the Purchaser

વેચાણ અંગેની જાહેર નોટીસ

આ જાહેર નોટીસ દ્વારા જણાવવાનું કે, નવસારી જીલ્લાના નવસારી તાલુકાના મોજે: વેજલપોર ગામના રેવન્યુ રેકર્ડના ગામના નમુના નંબર-૮-અ જમીનની ખાતાવહીના ખાતા નંબર-૮૦૨ ના રેવન્યુ બ્લોક નંબર-૪૫૫ (જુનો બ્લોક નંબર-૩૬૭-અ) ક્ષેત્રફળ હેકટર ૦-૩૭-૩૬ પ્રતિઆરે આકાર રૂા. ૩.૮૭ પૈસાવાળી ખેતીની જમીન તેના માલીક ધર્મેશ ઠાકોરભાઈ પટેલ રહેવાસી - Pl. No. 8, Siddhi Row House, Anand Mahal Road, Adajan, Surat. નાએ સદર જમીન તેમની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની ચાલી આવેલી હોવાનું જણાવી હમારા અસીલને વેચાણથી આપવાનું નક્કી કરેલ છે અને હમારા અસીલે ઉપરોક્ત જમીન ખરીદવાનું નક્કી કરેલ છે. જેથી સદરહું જમીનમાં જે કોઈ વ્યક્તિ, બેંક યા સંસ્થાનો કોઈપણ હક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, ચાર્જ, બોજો, સુખાધિકાર વિગેરે હોય તો તેમણે આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખિત પુરાવા સહિત હમોને નીચેના સરનામે જાણ કરવી. તેમ કરવામાં કસુર થયેથી સદરહું જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત કે અધિકાર નથી અને હોય તો તે જતો કરેલ છે યાને કે છોડી દિધેલ છે તેમ ગણી હમારા અસીલ સદરહુ જમીનના પાકા લખાણો કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. જેની લાગતા-વળગતા તમામે નોંધ લેવી. સહી.

ધર્મેશ ઠાકોરભાઈ પટેલ

સ્થળ: સુરત ધર્મેશ ઠાકોરભાઈ પટેલ

તા. ૦૫-૧૦-૨૦૨૬ **સાગર પી. રાઠોડ** (એડવોકેટ)
ઓ.: ૨૭૬૪, પ્રથમ માળે, આર એન્ડ એસ શોપીંગ સેન્ટર, પોષ્ટ ઓફિસની બાજુમાં,
મુ.પો. વેસ્મા-૩૯૬૪૭૫, તાલુકા: જલાલપોર, જીલ્લા: નવસારી, ગુજરાત.
મો.: 098985 64135, ઈ-મેઈલ: adv_sprathod@yahoo.com

મોજે : વરાડ, બ્લોક નં. 278 અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ–ડિસ્ટ્રીકટ બારડોલી તાલુકાના, **મોજે વરાડ** ના રેવન્યુ સરવે નં.૧૯૦/૧, ૧૯૨/૨, જેનો બ્લોક નં.૨૭૮ વાળી જુની શરત (જુ.શ.) ની ખેતીની જમીન, જેનું રેવન્યુ રેકર્ડ મુજબનુ કુલ ક્ષેત્રફળ હે.૩–૦૬–૫૫ ચો.મીટર વાળી ખેતીની જમીનના માલિક મુખત્યાર અને કબજેદાર તરીકે **(૧) આકાશભાઈ પ્રકાશભાઈ પટેલ, (૨) મધુબેન પ્રકાશભાઈ પટેલ તથા (૩) ધરતીબેન પ્રકાશભાઈ પટેલ તે અમીતકુમાર પટેલની પત્ની** ચાલી આવેલા છે અને સદરહુ જમીન કલીયર માર્કેટેબલ ટાઈટલ્સ તથા કોઈપણ પ્રકારના દાવાઓ તથા બોજાઓ વગરની હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનો ઈરાદો ધરાવે છે અને અમારા અસીલ સદરહુ જમીન ખરીદ કરવા ઈરાદો ધરાવે છે. સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેંકે કે અન્ય કોઈને કોઈપણ પ્રકારનો હકક, હિત–હિસ્સો, અલાખો અધિકાર, લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી–પોષાકી, જામીનગીરી, ચાર્જ–બોજો, દાવો–ફરીયાદ, ગીરો, બાનખત, વારસાઈ વિગેરે હોય તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન–૧૦** માં અમોને પુરાવા સહિત લેખિતમાં નીચે જણાવેલ સરનામે જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદરહુ જમીનમાં કોઈના કોઈપણ પ્રકારનો હકક, હિત–હિસ્સો, અલાખો, અધિકાર, લીસપેન્ડન્સ, લીયન કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી–પોષાકી, જામીનગીરી, ચાર્જ–બોજો, દાવો–ફરીયાદ, ગીરો, બાનાખત, વારસાઈ વિગેરે નથી અને હોત તો તે જતો કર્યો છે યાને છોડી દીધો છે એમ માની અમારા અસીલ સદરહુ જમીનના માલિકો પાસેથી કાયદેસરના લખાણો/દસ્તાવેજો કરાવી લેશે ભવિષ્યમાં તે અંગે કોઈની કોઈપણ પ્રકારે તર–તકરાર, દાવો ફરિયાદ ચાલશે નહી જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

(તા.૦૬/૧૦/૨૦૨૬)
સરનામું : ૩૦૨–૩૦૩, ઝીરકોન પ્લસ,
પટેલ સમાજની વાડી સામે, આંબાતલાવડી,
કતારગામ, સુરત – ૩૯૫૦૦૪

અમારી મારફત,
ઉત્સવ જે. દેસાઈ
તે ખરીદનારના એડવોકેટ

॥ જાહેર ચેતવણી ॥

॥ ખરીદનાર સાવધાન - મોજે માટીએડ, બ્લોક નં. ૮૦૯,૮૧૦,૮૧૧ ॥

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના **મોજે માટીએડ ગામ**ના ખેડ ખાતા નં. ૯૬૯માં ચાલી આવતા **(૧) જુનો બ્લોક નં. ૫૧૪-૧, નવો બ્લોક નં. ૮૦૯, જેનું કુલ ક્ષે. હે.૨-૧૦-૨૧ ચો.મી. ખેતીની જમીન જેનો આકાર રૂા. ૨૧.૫૫ પૈસા તથા (૨) જુનો બ્લોક નં. ૫૧૪-૪, નવો બ્લોક નં. ૮૧૦, જેનું કુલ ક્ષે.હે. ૪-૦૦-૧૦ ચો.મી. ખેતીની જમીન જેનો આકાર રૂા. ૪૦.૮૦ પૈસા તથા (૩) જુનો બ્લોક નં. ૫૧૫-૧, નવો બ્લોક નં. ૮૧૧, જેનું કુલ ક્ષે. હે. ૨-૦૦-૪૨ ચો.મી. ખેતીની જમીન જેનો આકાર રૂા. ૨૦.૫૫ પૈસા વાળી વાળી ખેતી ની જમીનમાં અમારા અસીલનો મજકુર મિલકતમાં હક્ક પોષાતો આવેલ હોઇ સદરહું જમીનમાં પ્રાથમિક રીતે જ અમારા અસીલનું હક્ક, હિત, હિસ્સો, લાગ-ભાગ સમાયેલ છે.**

મજકુર મિલ્કત અમોનાં અસિલે કિંમતી વેચાણ અવેજ ચુકવીને વેચાણ રાખેલ છે. અને મારા અસીલને મુળ જમીન માલીક ઝીનોબીયા હોમી કરંજીયા નાઓએ સદર જમીન વેચાણ આપેલ છે. જે અંગે અમારા અસીલ પાસેથી મસ મોટો કિંમતી અવેજ પણ સ્વિકારી લીધેલ છે પરંતુ પાકો વેચાણ દસ્તાવેજ કરી આપતા નથી. હાલમાં જાણવા મળેલ છે કે આ જમીનનાં મુળ માલીક તથા તેમનાં મળતીયા સદરહું જમીન ફરીથી વેચાણ આપવા નીકળેલ છે જેથી મારા અસિલનાં હક્ક હિસ્સાને પચાવી લેવાની બુરી નેમ રાખીને હક્ક, હિસ્સો ડુબાડવાનાં પ્રયત્ન કરી રહેલ છે.

જેથી તેમની વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૧૬(૨), ૩૧૬(૫) તથા ૩૧૮(૪) વિગેરે વિગેરે હેઠળ તેમજ સીવીલ રાહે અને રેવન્યુ રાહે કાર્યવાહી કરનાર છીએ. જેથી સદરહું જમીન કોઇ પણ જાહેર જનતા, સોસાયટી કે અન્ય કોઇ પણ ઇસમોએ ખરીદવી નહી કે કોઇ પણ રીતે તબદીલ કરવી કરાવવી નહીં. અન્યથા અમારા અસીલ મુળ ખેડુતો તથા નવા ખરીદનાર તમામ વિરુધ્ધ ફોજદારી તથા કાનુની રાહે પગલાં ભરશે તેની સખત કાનુની ચેતવણી આપવામાં આવે છે. આ નોટીસની વિગત વાળી જમીન કોઇએ ખરીદવી નહી તેની જાહેર ચેતવણી આપવામાં આવે છે. નવા ખરીદનાર તથા ઇન્વેસ્ટર પોતાનાં કિંમતી અવેજ ચુકવી કાયદાકીય કબજામાં આવશે નહી તેઓ ફસાય નહીં તે ઉદ્દેશથી કપલ્ડ વિથ ઈન્ટરેસ્ટ નોટીસ છપાવેલ છે. જો કોઇ જાણી જોઇ આવું કૃત્ય કરશે તો લીટીગેશન સીવાય કશું પ્રાપ્ત થશે નહીં જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૦૬/૧૦/૨૦૨૬
ઠે. ૨૧૬, માર્વેલ પ્લાઝા, કેનાલ રોડ,
બાપા સીતારામ ચોક, મુ.કામરેજ, તા. કામરેજ.
મો. ૯૦૩૩૫-૧૭૧૭૮, ૭૫૭૫૮-૪૦૭૭૭,

જનકકુમાર પી. મહેતા
એડવોકેટ

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતા સર્વેને જણાવવાનું કે, સુરત ડિસ્ટ્રીકટ, ચોર્યાસી સબ ડિસ્ટ્રીકટ, મોજે ગામ : આભવાની સીમમાં આવેલ જે બિનખેતીની છે, જે બાઘરડી વઘામાં આવેલી છે જેનો સર્વે નંબર : ૪૮૪ + ૪૮૫ છે તે જમીનમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નંબર : ૧૨૧ વાળી મિલકત જેનું સુમારે ક્ષેત્રફળ ૧૪ ફૂટ × ૪૫ ફૂટ યાને ૬૩૦-૦૦ સમ ચોરસ ફૂટ છે તે મિલકત તેના માલિક રોહિતકુમાર રામદાસ ટેલર નાઓએ તેઓના અગાઉના માલિક નટવરલાલ ગુલાબદાસ દેસાઈ વિગેરેના લાભમાં થયેલ રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નંબર : ૨૧૬૭, તા. ૩૦-૦૫-૧૯૭૯ નો અસલ વેચાણ દસ્તાવેજ તથા તેની અસલ રજિસ્ટ્રેશનની પાવતી તેઓથી ગૂમ /ગેરવલ્લે થયેલ હોવાનું અને તમામ ટાઇટલ કલીયર અને માર્કેટેબલ હોવાનું જણાવી મારા અસીલને તમામ હક્કો સાથે વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી સદરહુ મિલકતમાં જે કોઈ વ્યક્તિનું સીધું યા આડકતરું હિત, ટાઇટલ, ઈન્ટરેસ્ટ હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં પુરાવા સહિત જાણ કરવી. મુદત વિત્યે કોઈના કોઈ પણ જાતના વાંધા યા તકરાર યા હક્ક હિત, હિસ્સા નથી તેમ ઠરાવી સદરહુ મિલકત અંગેનો વેચાણ વ્યવહાર પૂર્ણ કરી મારા અસીલ પાકા લખાણો કરાવી લેશે. તે બાદ કોઈની તર-તકરાર ધ્યાને લેવાશે નહીં તેની નોંધ લેવી.

મિતેષ એન. જરીવાલા (એડવોકેટ)
ઠેકાણું : ૬૦૭, છઠ્ઠો માળ, ધી સીટાડેલ,
કેબલ બ્રિજની બાજુમાં, અડાજણ, સુરત. મો. ૯૮૨૫૧-૩૩૯૧૪.

જાહેર નોટીશ

ડિ. નવસારી ના તાલુકા જલાલપોર ના ગામ અબ્રામા જુનો બ્લોક નં. ૧૧૨૫ નવો સર્વે. નં./બ્લોક નં. ૧૮૫૫ ખ. નં. ૨૦૭૨ હે.આર.ચો.મી. ૨.૧૨.૮૮ વાળી ખેતીની જમીન પૈકી વણવહેંચાયેલ હિસ્સા ની હે.આ.ચો.મી. ૧૦.૭.૬૬ જેટલી જમીન વિજયભાઈ નટુભાઈ પટેલની માલિકીની ચાલી આવેલ છે. જે જમીન વેચાણ આપવા અંગે તા. ૨૯/૦૯/૨૦૨૬ ના રોજ ગુજરાતમિત્ર સમાચારપત્ર માં જાહેર નોટીસ આપેલ હતી. સદર નોટીસમાં જણાવેલ મિલકત અંગે પક્ષકારો વચ્ચે કોઈ પણ પ્રકાર નો સોદો થયેલ નથી જેથી સદર જમીન અંગેની નોટીસ રદ્ બાતલ ગણવાની છે. સદર જમીન ના માલિક વિજયભાઈ નટુભાઈ પટેલ ના પોતાની વણવહેંચાયેલ હિસ્સાની જમીન વેચાણ કરવા સ્વતંત્ર માલિક મુખત્યાર છે. તો તા. ૨૯/૦૯/૨૦૨૬ ની જાહેર નોટીસ રદ્બાતલ કરવામાં આવેલ છે. જેની લાગતા-વળગતા તમામે નોંધ લેવી. હમારા અસીલની સૂચનાથી,

તારીખ: ૦૫-૧૦-૨૦૨૬ **દિલીપ બી. પાટીલ** (એડવોકેટ)
૬, પરિસિમા એપાર્ટમેન્ટ, કોર્ટની સામે, જુનાથાણા, નવસારી. મો.: 98250 85156

મોજે ગામ : સોંદામીઠા, બ્લોક/સર્વે નં ૨૪૮, સર્વે નં. ૧૮૫, ૧૮૬ તથા બ્લોક/સર્વે નં. ૨૨૭, સર્વે નં. ૧૬૬ વાળી જુની શરતની ખેતીની જમીનોની વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ ઓલપાડના **મોજે ગામ : સોંદામીઠાના બ્લોક/સર્વે નં. ૨૪૮, સર્વે નં. ૧૮૫, ૧૮૬** થી નોંધાયેલ જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે. ૧-૩૭-૬૦ ચો.મી. યાને ૧૩૭૬૦ ચો.મી. વાળી જુની શરતની ખેડખાતાની જમીન જેનો ખાતા નં. ૨૨૪ અને જેનો આકાર રૂા. ૧૯ પૈસાવાળી જમીન તથા સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ ઓલપાડના **મોજે ગામ : સોંદામીઠાના બ્લોક/સર્વે નં. ૨૨૭, સર્વે નં. ૧૬૬** થી નોંધાયેલ જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે. ૦-૩૬-૪૨ ચો.મી. યાને ૩૬૪૨ ચો.મી. વાળી જુની શરતની ખેડખાતાની જમીન જેનો ખાતા નં. ૨૪ અને જેનો આકાર રૂા. ૫ પૈસાવાળી જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની બંને જમીનો **રસીકભાઈ દલપતભાઈ પટેલની** સ્વતંત્ર માલિકી અને પ્રત્યક્ષ કબજા, ભોગવટા હેઠળની અને તમામ ટાઈટલો ચોખ્ખા, માર્કેટેબલ, કલીયર હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરી કરેલ છે. જેથી સદરહું જમીનો અંગે કોઈપણ ઈશમ, મંડળી, સંસ્થા કે વ્યકિતનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દર-દાવો, લીયન, સાટાખત, પાવર ઓફ એર્ટની, ખોરાકી-પોષકી, આવવા-જવાના હકકો, વારસદારો, બેંક લોન, બોજો કે કોઈ લખાણ, કોર્ટ પ્રકરણો હોય તો સદર નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખીત પુરાવા (પ્રમાણિત નકલો) સાથે હમારા અસીલ વતી હમારો સંપર્ક કરવો. મુદત વિત્યે કોઈનો કશા પ્રકારનો વાંધો કે તકરાર નથી અને હોય તો તે જતો યાને વેવ કરેલ છે તેવું માની હમારા અસીલ પુરેપુરો અવેજ ચુકવી સદરહું બંને જમીનોનો પ્રત્યક્ષ કબ્જો મેળવી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. જેની આથી જાહેર જનતાએ તથા લાગતા વળગતા તમામે નોધ લેવી.

ઠે. અસનાબાદ, CNG પંપની બાજુમાં,
તા. ઓલપાડ, સુરત. મો.: ૯૯૨૫૨૩૭૨૮૭

ભાવેશ જે. પટેલ તે
ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, ઓલપાડ સબ–ડિસ્ટ્રીકટ, **મોજે સોંદામીઠા** ના **બ્લોક નં.૪૦,** વોર્ડ સોંદામીઠા (બીનખેતી) **શીટ નં. NA૯૯, સીટી સર્વે નં. NA૪૦** થી નોંધાયેલી બહુહેતુક માટેની બીનખેતીની જમીન, કે જેનું સીટી સર્વે મુજબનું **ક્ષેત્રફળ ૧૧૫૩૪** ચો.મી. છે. તે બહુહેતુક માટે બીનખેતીની જમીન **ABHAY INFRA ના પ્રોપરાઈટર તરીકે તેજલબેન સુરેન્દ્રસિંહ ચૌહાણ** ના નામે રેવન્યુ રેકર્ડ દફતરે આજદિને ચાલે છે. તેઓ સદરહું જમીનના સ્વતંત્ર અને સંપુર્ણ માલીક તથા પ્રત્યક્ષ કબજેદાર હોવાનું અને સદરહું જમીન ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી, અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહું જમીનમાં કોઈપણ વ્યકિત, ઈસમ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગ–ભાગ, દર–દાવો કે લીયન / ચાર્જ કે ગીરો / મોર્ગેજ / ભેટ / વારસાઈ હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન–૭ (સાત)** માં તે બાબતના મુળ (ઓરીજનલ) પુરાવા / રેકોર્ડસ સહિત અમોને નીચેના સરનામે લેખીત જાણ કરવી અને તેમ કરવામાં કસુર થશે તો સદરહું જમીનમાં અમારા અસીલ સિવાય અન્ય કોઈપણ વ્યકિત, ઈસમ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગ–ભાગ, દર–દાવો, લીયન/ચાર્જ, ગીરો / મોર્ગેજ / ભેટ / વારસાઈ નથી અને જો હોય તો તે આ નોટીસમાં આપેલ મુદતમાં લેખીત વાંધો ન ઉપાડીને જતા કરેલા છે એમ માનીને સદરહું જમીનનો કિંમતી વેચાણ અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ તથા અન્ય કાયદેસરના લખાણો ઉપરોકત જમીન માલીક પાસેથી કરાવી લેશે. ત્યારબાદ, કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર ચાલશે નહી. જેની આથી લાગતાં–વળગતાં તેમજ જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૦૬/૧૦/૨૦૨૬
સરનામું : એ-૨, મેરૂલક્ષ્મી એપાર્ટમેન્ટ,
લવ એન કેર હોસ્પિટલ પાસે, તારવાડી,
રાંદેર, સુરત. મો. 90162 34004

નીતીન જે. ગોરસીયા
તે અસીલના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

નીચે જણાવેલી વિગતમાં જમીન, **નટવરભાઈ રમણભાઈ પટેલ,** રહે. બી/૨૪+૨૫, મણી રત્ન રો–હાઉસ, ન્યુ ગુજરાત ગેસ કંપની રોડ, અડાજણ, સુરતનાં પોતાની સ્વતંત્ર માલિકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું અને જમીનોના ટાઈટલ્સ ફકત તેઓના હાથમાં સંપૂર્ણ ચોખ્ખા, બોજારહિત અને માર્કેટેબલ હોવાનું જણાવીને અમારા અસીલને વેચાણ કરવા માંગે છે. મજકુર જમીનો અંગેનો અગાઉનો અસલ વેચાણ દસ્તાવેજ નં. ૮૧, તા.૧૭/૦૧/૨૦૦૦ તથા તેની અસલ નોંધણીની રસીદ તેઓનાં જણાવ્યા અનુસાર ગેરવલ્લે મુકાઈ ગયેલા છે. મજકુર અસલ ટાઈટલ ડીડસનાં આધારે તથા આ વેચાણ વ્યવહાર બાબતે જો કોઈને વાંધો યા તર–તકરાર હોય યા સદર જમીનોમાં કોઈપણ શખ્શ કે નાણાંકીય સંસ્થા વિગેરેનાં સીધી કે આડકતરા કોઈપણ પ્રકારનાં હકક, હિત કે અધિકાર હોય યા મજકુર જમીનનાં અગાઉ જમીન માલિકો સહિતના કોઈને પણ વાંધો યા તર–તકરાર હોય, તો તેવા વાંધા યા તર–તકરાર કે હકક, હિત અને અધિકારો બાબતનાં કાયદેસરના પુરાવાઓ નીચેના સરનામે દિન–૭ (સાત) માં આપી જવા, મુદતમાં એવો સંપર્ક કરવામાં નહિ આવશે તો કોઈના હકક, હિત અને અધિકારો મજકુર જમીનોમાં ન હતા અને નથી તેમજ કોઈને વાંધો યા તર–તકરાર નથી અને જો કોઈ હકક, હિત અને અધિકાર કે વાંધો યા તર–તકરાર હોય તો તે તમામ જતા કરેલા છે તેમજ આ વેચાણ વ્યવહાર બાબતે કોઈને પણ વાંધો યા તર–તકરાર નથી એવું માનીને અમારા અસીલ પાકા લખાણો કરવી લેશે. મુદત બાદનાં કોઈનાં કોઈપણ પ્રકારનાં હકક, હિત, અધિકાર, વાંધા કે તકરાર ચાલશે નહિ, જેની નોંધ લેશો.

જમીનનું વિગત/વર્ણન

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ–ડિસ્ટ્રીકટ ઓલપાડ તાલુકાના, **મોજે ગામ ગોલા** ના **રેવન્યુ સરવે નં. ૪૦/૩, ૪૧/૨/૨, જેનો રેવન્યુ બ્લોક નં. ૧૩૪** વાળી જૂની શરત (જુ.શ.) ની ખેતીની જમીન, જેનું રેવન્યુ રેકર્ડ મુજબનું કુલ ક્ષેત્રફળ હે. ૧–૧૪–૩૩ ચો.મીટર યાને **૧૧,૪૩૩ ચો.મીટર** છે. જેનો આકાર રૂા. ૧૩.૬૯ પૈસા વાળી ખેતીની જમીન. તા.૦૬/૧૦/૨૦૨૬

ઓફિસ : ૪૦૩, ઝીરકોન પ્લસ,
પટેલ સમાજની વાડી સામે,
આંબાતલાવડી, કતારગામ, સુરત–૪,
મો. ૯૮૨૪૮ ૮૨૭૮૫, ૯૫૭૪૬ ૩૮૦૦૦

અસીલની સુચના અને ફરમાઈશથી
વિનોદરાય ડી. પટેલ
એડવોકેટ & નોટરી

જાહેર નોટીસનો જાહેર જવાબ

એડવોકેટ શ્રી ભગવતીભાઈ પી. પટેલ વિગેરેનાઓએ સુરત ડિસ્ટ્રીકટ સબ ડિસ્ટ્રીકટ ઓલપાડના મોજે ગામ સેલુત ના બ્લોક નંબર ૪૭૫ વાળી જુની શરતની જમીન અંગે તારીખ: ૦૪/૧૦/૨૦૨૬ ના રોજ ખરીદનારના એડવોકેટ તરીકે વેચાણ અંગેની જાહેર નોટીસ ગુજરાત મિત્ર દૈનિક પેપરમાં પ્રસિધ્ધ કરાવેલી તે નોટીસનો જાહેર જવાબ.

ઊપરોકત જણાવેલી જમીનના મુળ માલીક પરસોત્તમભાઈ કેશવભાઈ ચાલી આવેલા જેમની પાસેથી સદરહુ જમીન બેચરભાઈ કેશવભાઈ નાએ તારીખ: ૧૮/૦૪/૧૯૩૭ ના રોજ વેચાણ રાખેલી ત્યારબાદ બેચરભાઈ કેશવભાઈ તારીખ: ૦૩/૧૨/૧૯૬૪ ના રોજ ગુજરી જતા તેમના વારસદારો (૧) કેશરબેન બેચરભાઈ (વિધવા) (૨) ઝીણાભાઇ બેચરભાઈ (૩) ઉમેદભાઈ બેચરભાઈના નામો વારસાઇથી સદરહુ જમીનમાં દાખલ થયેલા અને ઝીણાભાઈ બેચરભાઈ તારીખ: ૨૬/૧૦/૨૦૦૭ ના રોજ ગુજરી જતા તેમના વારસદારોમાં પુષ્પાબેન, કસ્તુરબેન, મનહરભાઈ, સાવિત્રીબેન તથા મિનાક્ષીબેનનુ નામ સદરહુ જમીનમાં દાખલ થયેલુ અને સદરહુ જમીન વડીલોપાજીત ચાલી આવેલ હોય અમારી માતા સાવિત્રીબેન ના હિસ્સામાં તેમના સીધીલીટીના વારસદાર તરીકે તેમના બે પુત્રો પૈકી અમારો યાને ડેવિશ ઈશ્વરભાઈ પટેલનો પણ વણવહેચાયેલો હિસ્સો ચાલી આવે છે જે હિસ્સો અમોએ કોઈના પણ લાભમાં આજદિન સુધી જતો કરેલ નથી જેથી સદરહુ જમીનના ખરીદનારાઓને જણાવવાનુ કે સદરહુ જમીન અંગેના કોઈ પણ પાકા લખાણો ફકત અમારી માતા સાવિત્રીબેન કરી શકે નહી આમ છતા જો કોઈ લખાણો કે દસ્તાવેજ કરવામાં આવેતો અમોને બંધનકર્તા રહેશે નહી અને અમારો હિસ્સો મેળવવા માટે નામદાર કોર્ટમાં પ્રકરણો દાખલ કરીશુ તથા બીજી તમામ પ્રકારની કાયદેસરની કાર્યવાહી કરીશુ જેથી ખરીદનારને સદરહુ જમીનના ચોખ્ખા ટાઈટલ મળશે નહી જેની લાગતા વળગતા તમામ નોધ લેશોજી. સુરત, તારીખ: ૦૫/૧૦/૨૦૨૬

એડ્રેસ: ૫૨, સરદાર નગર, પાલ
ગામ, સુરત.મો. ૯૮૭૯૭ ૩૪૨૯૧

ભાવિન એમ.પટેલ
તે ડેવિશ ઈશ્વરભાઈ પટેલ ના વકીલશ્રી

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ–ડીસ્ટ્રીકટનાં મોજે ગામ : દિહેણનાં રે.સર્વે નં. ૪૫૧ નાં બ્લોક નં. ૬૧૧ (૭/૧૨ મુજબ બ્લોક નંબર ૬૧૧–૪) થી નોંધાયેલી બીનખેતીની જમીનમાં રહેણાંકના હેતુ માટેની આયોજીત **"કુબેર નગર સોસાયટી"** ના નામથી ઓળખાતી યોજનામાં આવેલ ખુલ્લા પ્લોટો પૈકી **"પ્લોટ નંબર ૪"** વાળી જમીન, જેનું ખુલ્લા પ્લોટ એરીયાનું ક્ષેત્રફળ સુમારે ૮૩.૭૨ ચો.મી. વાળી ખુલ્લી જમીનનાં માલીક, મુખત્યાર, કબજેદાર **(૧) રોહિત મફતલાલ સોની, (૨) ભાવેશ રોહિત સોની અને (૩) નિરવ કિશોર સોની** હોવાનું જણાવીને હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સદરહું જમીનમાં કોઈ પણ વ્યકિત, સંસ્થા યા બેંકનો કોઈપણ જાતનો હકક, હીત, હિસ્સો, લાગભાગ, દરદાવો, કબજો, બોજો, ગીરો, લિયન વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દસ્તાવેજી પુરાવાઓ સહીત દિન–૭ માં નીચે જણાવેલા સરનામે રૂબરૂ આવી કે લેખીતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થયેથી સદરહું જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, સંબંધ, દરદાવો નથી અને હોય તો જતો યાને વેવ કર્યો છે. તેમ માની આ નોટીસની મુદત વિત્યે હમારા અસીલ સદરહુ જમીનનાં માલીકો સાથે વેચાણ અંગેનાં વ્યવહારો કરી જરૂરી કાયદેસરનાં રજીસ્ટ્રર્ડ લખાણ કરાવી લેશે. ત્યારબાદ સદરહું જમીન બાબતની કોઈની કોઈપણ જાતની તર–તકરાર ચાલશે નહી, જેની લાગતા વળગતા તમામએ નોંધ લેવી.

મારી મારફત,

ઠેકાણું.૩૧૩, ત્રીજો માળ, બ્લુ સ્ટોન, દાંડી રોડ,
જહાંગીરાબાદ, સુરત મો.નં. ૯૭૨૩૩ ૯૪૪૫૪

સાગર ડી. પટેલ
એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ, સુરત સીટી (મજુરા) સબ-ડીસ્ટ્રીકટના મોજે ગામ આભવામાં આવેલ સર્વે નં. ૫૦૬ પૈકી ભાગ--એ(૧) (હાલ રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબ સર્વે નં. ૫૦૬ પૈકી ૨) વાળી એકર ૨૦-૦ ગુંઠા જમીન પૈકી બીનખેતીની જમીનમાં લે-આઉટ પ્લાન તાલુકા પંચાયત અધિકારીએ મંજુર કરેલા પ્લાન મુજબ પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં.૩૦ થી નોંધાયેલી ખુલ્લી જમીન જેનું ક્ષેત્રફળ અનુક્રમે ૩૩૪.૪૫ સ.ચો.મી. છે તે પ્લોટ, તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિત ઉજાશબેન દિલીપભાઈ પટેલએ પોતાની સ્વતંત્ર અને સંપુર્ણ માલીકી તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવી, સદરહુ પ્લોટના વેચાણ અંગે કોઈપણ વ્યકિત, સંસ્થા, બેંકને કોઈપણ પ્રકારના લેખો લખી આપ્યા નથી તેવું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. તેથી સદરહુ પ્લોટ ઉપર કોઈપણ સરકારી કે સહકારી બેંક, સંસ્થા કે અન્ય કોઇનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, સંબંધ, હિસ્સો કે દરદાવો વિગેરેના હકકો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં અમારા અસીલ વતી અમોને લેખિત વાંધા, પુરાવાઓ સહિત જાણ કરવી. જો તેમ કરવામાં કોઈ ઢીલ કે કસુર થશે તો સદરહુ પ્લોટ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, લાગભાગ કે દરદાવો યા ઈઝમેન્ટ કે ખોરાકી-પોષાકીના હકકો નથી અને હોય તો તે જતા યાને વેવ કરેલા છે તેમ માની અમારા અસીલ સદરહુ પ્લોટનો તમામ હકકો સહિતનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ, કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહીં જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

વિવેક નવીનચંદ્ર ઇન્દોરવાલા - સુનીતાબેન એન. ગોટાવાલા
મો.નં.: ૯૮૭૯૭ ૩૫૯૫૮ - મો.નં.૯૧૦૬૮ ૫૯૨૪૯ (નોટરી)
એડવોકેટ્સ
ઠેઃ ૮, સોમનાથ સોસાયટી, ભટાર રોડ, સુરત.

-: જાહેર ચેતવણી :-



અમો **જીવણભાઈ વિઠ્ઠલભાઈ ગોળકિયા,** મૂળ વતની ચંદરવા, તા.રાણપુર, જિ.બોટાદ, હાલ રહે. સુરતના આથી જાહેર જનતાને આ જાહેર ચેતવણી દ્વારા જાહેર કરી જણાવીએ છીએ કે,

અમારો પુત્ર **"જય જીવણભાઈ ગોળકિયા", ઉંમર વર્ષ : ૩૨** નાઓ લાંબા સમયથી અમારી તથા અમારા પરિવારની ઈચ્છા અને મરજી વિરૂધ્ધના તેમજ અસામજિક કાર્યો કરે છે. જેઓને વારંવાર સમજાવવા છતાં તેના વર્તનમાં કોઈ સુધારો આવેલ નથી. જેથી, અમોએ તથા અમારા પરિવારજનોએ તેની સાથેના તમામ પ્રકારના પારિવારિક તથા સામાજિક સંબંધો કાપી નાખેલા છે.

વધુમાં, અમારી તથા પારિવારિક માલિકીની તમામ જંગમ (ચલ) તથા સ્થાવર (અચલ) મિલકતોમાંથી પણ **જય જીવણભાઈ ગોળકિયા** ને બેદખલ કરેલ છે. જેથી, હાલમાં તથા ભવિષ્યમાં અમારી મિલકતમાં તેનો કોઈ હકક, હિત, હિસ્સો કે દાવો રહેલ નથી કે રહેશે નહીં.

અમારી તથા અમારા બાપ-દાદાની પૈતૃક માલ-મિલકત કે પરિવારની અન્ય કોઈપણ મિલકત અંગે પણ **જય જીવણભાઈ ગોળકિયા** ને અમારા તરફથી કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવાનો અધિકાર કે સત્તા આપવામાં આવેલ નથી, જેથી તેમની સાથે અમારી કોઈપણ મિલકત અંગે કોઈપણ પ્રકારના વ્યવહારો કે લખાણો કરવા નહીં.

વધુમાં, જાહેર જનતા, બેંકો, નાણાંકીય સંસ્થાઓ, વેપારીઓ, ઈષ્ટમિત્રો તથા સગા-સંબંધીઓને આ જાહેર ચેતવણી આપી જાણ કરવામાં આવે છે કે, **જય જીવણભાઈ ગોળકિયા** સાથે અમારા નામે, અમારી શાખ ઉપર કે અમારા પરિવારના નામે કોઈપણ પ્રકારની આર્થિક નાણાંકીય, વેપારી લેવડ-દેવડ કે અમારી કોઈપણ મિલકતના સંદર્ભે કોઈપણ પ્રકારનો વ્યવહારો કે લખાણો કરવા નહી અને જો તેમછતાં કરશે તો તે વ્યવહારોનું સંપુર્ણ જોખમ અને જવાબદારી જે તે ઈસમો/વ્યકિતઓ/પેઢીઓ તેમજ સંસ્થાની અંગત રહેશે.

આમ, **જય જીવણભાઈ ગોળકિયા** સાથેના કોઈપણ પ્રકારેના આર્થિક નાણાંકીય વ્યવહારો, દેવાઓ, કૃત્યો તેમજ મિલકત સંબંધિત કોઈપણ વ્યવહારો કે કોઈપણ કાનુની વિવાદ અંગે અમો કે અમારો પરિવાર કોઈપણ રીતે જવાબદાર કે બંધાયેલ રહેશે નહીં, જેની જાહેર જનતાએ આથી સ્પષ્ટ નોંધ લેવી.

આ જાહેર ચેતવણી સર્વેના જાણ તથા હિતાર્થે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

(સ્થળ : સુરત. તા.૦૫/૧૦/૨૦૨૬)

જાહેર ચેતવણી આપનાર :- જીવણભાઈ વિઠ્ઠલભાઈ ગોળકિયા જે.બી ગોળકીયા

ઓફીસ : લો-હાઉસ, ૦૫,
પ્રકાશ સોસાયટી, આદર્શ ભવન પાસે,
અઠવાલાઈન્સ, સુરત.-૩૯૫૦૦૧
મો.૯૬૮૭૭ ૭૯૨૨૨

-: અમારી મારફત :-
હિમાંશુ નાવડિયા
એડવોકેટ